# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Amit Shah Godhra...

આગામી પાંચ વર્ષમાં જ્યાં કોઈપણ સહકારી સંસ્થા નથી તેવી દેશની બે લાખ ગ્રામ પંચાયતોમાં બહુ ઉદ્દેશીય પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ સંસ્થાઓ સ્થાપવામાં આવશે. તેમ કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 102 મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રાથમિક સહકારી મંડળીના આર્થિક સશક્તિકરણ અને સહકારી ક્ષેત્ર માટે ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાંઓને બિરદાવ્યા હતા અને આગામી સમયમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

(બાઇટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધી વિપુલ પુરોહિત જણાવે છે કે, શ્રી શાહ ગોધરા ખાતે સાંજે પાંચ વાગે ગોધરા હેલીપેડ ખાતે પહોંચશે, જ્યાંથી તેઓ આંગળીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળીના સભ્યો સાથે વાર્તાલાપ કરી સહકારી માળખા તરફથી વિકસાવવામાં આવેલી સેવાઓનુ નિરીક્ષણ કરશે.

શ્રી શાહ આંગળિયાથી આશાપુરા છારીયા દૂધ સહકારી સમિતિના સભ્યો સાથે મુલાકાત કરશે. અહીંથી તેઓ ગોધરાની પંચામૃત ડેરીની મુલાકાત લેશે, જ્યાં રાજ્યની તમામ જિલ્લાના સહકારી બેન્કો અને ડેરીઓનાં ચેરમેન સાથે બેઠક યોજશે. આ પ્રસંગે પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઇ ભરવાડ હાજર રહેશે

# RAHUL GANDHI

કોંગ્રેસના રાયબરેલીનાં સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી એક દિવસની અમદાવાદની મુલાકાતે છે. તેઓ બપોર બાદ એરપોર્ટ ઉપર પહોંચ્યા હતા. ત્યાંથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલડી સ્થિત કોંગ્રેસ ભવન પહોંચ્યા હતા..

કોંગ્રેસ ભવન ખાતે તેમણે કોંગ્રેસના કાર્યકરોને સંબોધન કર્યું હતું.. આ સંબોધન બાદ તેમનો રાજકોટ અગ્નિકાંડ જેવા રાજ્યમાં થયેલી કેટલીક ઘટનાઓના અસરગ્રસ્તોને પણ મળવાનો કાર્યક્રમ છે..

# RAGHAVJI SHYAMA PRASAD MUKHARJI

રાજ્યના કેબીનેટ કૃષિમંત્રી રાઘવજી પટેલે સ્વ.શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૩મી જન્મજયંતી નિમિતે વિધાનસભા પોડિયમમાં સદ્દગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી..

આ પ્રસંગે  તેમણે જણાવ્યું હતુ કે,  શ્યામા પ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા. શિસ્ત, હિંદુત્વ અને શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન એમનામાં બાળપણથી જ થયું હતુ. મંત્રીએ ઉમેર્યું કે, સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં તેમને ઉદ્યોગ અને પુરવઠા મંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. સ્વતંત્રતા વખતે દેશી રાજ્યોના વિલીનીકરણના કામ માટે સરદાર પટેલનું નામ સૂચવનાર શ્રી મુખરજી જ હતા. કાશ્મીરના મુદ્દે તેઓ ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા તેઓ પોતાના સમગ્ર જીવન દરમિયાન અખંડ ભારતના સમર્થક અને કાશ્મીર માટે સંઘર્ષરત રહ્યાં હતા.

# Education Board.. Calendar

વર્ષ 2025ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને ધોરણ 12ની પરિક્ષા માર્ચને બદલે ફેબ્રુઆરીમાં યોજાશે. શિક્ષણ બોર્ડે ગઈકાલે 2024-25નાં પ્રસિધ્ધ કરેલા કેલેન્ડર પ્રમાણે ધોરણ 10 અને 12ની પરિક્ષા 27 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને 13 માર્ચનાં રોજ પૂર્ણ થશે. અત્યાર સુધી ગુજરાત બોર્ડની પરિક્ષા માર્ચમાં શરૂ થતી હતી.

વર્ષ દરમિયાન 237 દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. પ્રથમ શૈક્ષણિક સત્ર 27 ઓક્ટોબર સુધી ચાલશે, ત્યારબાદ 28 ઓક્ટોબરથી 21 દિવસનાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. બીજું સત્ર 18 નવેમ્બરથી શરૂ થશે. ઉનાળુ વેકેશન 5 મે થી 8 જૂન સુધીનું રહેશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન 18 જાહેર રજાઓ તથા 6 સ્થાનિક રજાઓ રહેશે

# Patan Police station

વ્યાજખોરોથી ડર્યા વગર અરજદારોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી જોઈએ એમ પાટણ ખાતે યોજાયેલા લોક દરબારમાં ભુજ બોર્ડર રેન્જના આઈજીપીએ નાગરિકોને જણાવ્યું છે.

પાટણ ખાતે હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેશન હોલમાં પાટણ જિલ્લા પોલીસ દ્વારા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ 2011 હેઠળ વ્યાજખોરો વિરુદ્ધ જન જાગૃતિ લાવવા રેન્જ આઇજીપીની અધ્યક્ષતામાં લોક દરબાર આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં લોકોએ પોતાની ફરિયાદો રજૂ કરી હતી.

લોનની પ્રક્રિયા, સરકારની વિવિધ યોજનાઓ અને તેનું માર્ગદર્શન લોક દરબારમાં આપવામાં આવ્યું હતું. વ્યાજખોરીનો ભોગ બનેલા લોકો ડર્યા વિના પોલીસને જાણ કરશે તો તેનો ટૂંકા સમયગાળામાં કાનૂની દૃષ્ટિએ યોગ્ય નિકાલ લાવવામાં આવશે એવી ખાતરી શ્રી કોરડિયાએ આપી હતી.

પાટણ જિલ્લા પોલીસ વડા રવિન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વ્યાજખોરી નું દુષણ ડામવા પોલીસે ગયા વર્ષે 40 ગુનામાં 88 આરોપી વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# RAIN

સમગ્ર રાજ્યમાં ચોમાસુ જામ્યું છે, હવામાન વિભાગે આજે અને આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના પાંચ ઇંચ જ્યારે , નવસારીના વાંસદા તાલુકામાં અને વલસાડના કપરાડામાં સાડા ચાર ઇંચ વરસાદના અહેવાલ છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ  અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..